હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

મુંજાય છે શું... વરસાદ આવશે તો નર્મદા બંધથી લીલા લહેર છે... અને નહીં આવે તો ઈઝરાયલ તો બધા ગયા જ છે...!!

શહેરમાં ભારે ઉકળાટ વધતાં નાગરિકો ત્રસ્ત

શહેરનું મહત્તમ તાપમાન ૩૭.૮ ડિ.સે. તથા લઘુત્તમ તાપમાન ૨૯.૦ રહ્યું

રાજયભરમાં આ વર્ષે ઉનાળો આકરો બન્યો હતો. ગરમીનો પારો દિવસે ને દિવસે વધી રહ્યો હતો. એપ્રિલ-મે માસમાં આકરી ગરમી વેઠીને નાગરિકો જૂન માસમાં ચોમાસુ બેસશે તેવી આશા લઈને બેઠા હતા. સમગ્ર જૂન માસમાં વાદળો આકાશમાં દોડાદોડી કરતાં હોવાથી નાગરિકો ધોધમાર વરસાદની રાહ જોઈને આકાશ તરફ મીટ માંડીને બેઠા હતા. જૂન માસ દરમિયાન પ્રિ-મોન્સુન એક્ટિવિટીના ભાગરૂપે શહેરમાં કુલ બે વખત વરસાદ વરસ્યો હતો. વરસાદ પછી વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતાં બફારા અને ઉકળાટથી નાગરિકો બેચેન બન્યા છે.

છેલ્લા કેટલાક દિવસથી વાદળછાયા વાતાવરણને પગલે ઠંડક પ્રસરાતા નાગરિકોને હાશકારો થયો હતો. આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાવાને લીધે ગરમીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. વરસાદ ધોધમાર ન વરસતાં ફક્ત ઝાપટાથી નાગરિકોને મન મનાવવું પડ્યું હતું. વાદળો ભરપુર માત્રામાં દોડાદોડી કરે છે, પરંતુ હજુ સુધી મેઘરાજા મન મુકીને વરસતા નથી. વરસાદી ઝાપટાં પછી વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતાં ઉકળાટ અને બફારો જ અનુભવાતાં નાગરિકો નિરાશ બન્યાં છે.

પાટનગરમાં મહત્તમ તાપમાન ૩૭.૮ ડિ.સે. તથા લઘુત્તમ તાપમાન ૨૯.૦૦ ડિ.સે. નોંધાયું હતું. આ ઉપરાંત શહેરમાં ભેજનું પ્રમાણ સવારે અને સાંજે અનુક્રમે ૮૦ ટકા તથા ૪૩ ટકા રહ્યું હતું. રસ્તાઓ પર શેરડીના કોલા તથા મકાઈની લારીઓ એક સાથે જોવા મળતાં નાગરિકો વિમાસણમાં મુકાયા છે કે ગરમીનો આસ્વાદ માણવો કે વરસાદી વાતાવરણનો. શહેરમાં હજુ પણ વિધિવત રીતે ચોમાસાનું આગમન થયુ નથી ત્યારે આબાલ-વૃદ્ધ સૌની નજર આકાશ સામે મંડાયેલી છે.

સે-૩/ન્યુની સમસ્યાઓનો નિકાલ ક્યારે ?

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યું અનેક સમસ્યાઓથી ઘેરાયેલુ છે. જેમાં સફાઈ, ગટરો ઉભરાતી, પાણી, રોડ, લાઈટો બંધ,સરકારી દવાખાનું, વૃક્ષોનું ટ્રીમીંગ સહિતનો સમાવેશ થાય છે. ત્યારે તંત્ર સમક્ષ વસાહત મંડળ દ્વારા અનેકવાર રજુઆત કરવા છતા તંત્ર દ્વારા હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી જેને પગલે વસાહતીઓમાં રોષની લાગણી વ્યાપી જવા પામી છે.

ગાંધીનગર શહેરના છેવાડાના સેકટર-૩ ન્યું ના વસાહતીઓ સામે તંત્ર દ્વારા ઓરમાયું વર્તન રાખતા હોય તેવું લાગી રહ્યું છે. સેકટર અનેક સમસ્યાઓથી ઘેરાયેલુ હોવા છતા નિકાલ આવતો નથી. સરકારી દવાખાનુ હોવા છતા વસાહતીઓને અન્ય સેકટર કે ખાનગી દવાખાનામાં જવુ પડે છે. દવાખાનું ખંડેર જેવી હાલતમાં છે. તો તેને તાત્કાલીક રીપેર કરી ચાલુ થાય તેમ વસાહતીઓ ઈચ્છી રહ્યા છે. તો બીજી તરફ ગંદકી અને સફાઈને લઈ પણ થોડી નારાજગી સેકટરવાસીઓમાં પ્રવર્તી રહી છે. જયારે સ્ટ્રીટ લાઈટો તો કયારે ચાલુ હોય છે અને ક્યારે બંધ થાય છે તે વસાહતીઓ પણ નથી જાણતા. લાઈટોના થાંભલા બંધ હોવાથી અંધકારને પગલે વસાહતીઓને ચોરીનો અને અસામાજીક તત્વોનો ભય સતાવી રહ્યો છે. જયારે વરસાદી સિઝનને પગલે કેટલાક નમી ગયેલા ઝોખમી વૃક્ષોનું ટ્રીમીંગ કરવા તંત્ર સમક્ષ રજુઆત કરી છે. થોડા સમય પહેલા તંત્ર દ્વારા ગ-૧ થી ઘ-૧ સુધીના માર્ગ પર રહેલી જોખમી વૃક્ષોની ડાળીઓ દુર કરાઈ છે પરંતુ સેકટરમાં રહેલા સુકા વૃક્ષનો પણ યોગ્ય રીતે નિકાલ કરવામાં આવે તેવી વસાહતીઓની લાગણી અને માંગણી છે. જયારે છેવાડાના સેકટરની વિવિધ સમસ્યાઓને લઈ તંત્ર સમક્ષ લેખિત તેમજ મૌખિક અનેકવાર રજુઆત કરવા છતા તંત્ર દ્વારા તેનો ઉકેલ આવતો નથી. જેને પગલે વસાહતીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.

ચાણક્ય પ્રિ-સ્કૂલ ખાતે આંતરરાષ્ટ્રીય ડ્રગ એબ્યુસ અને ગેરકાયદે ટ્રાફિકિંગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળા દ્વારા ભૂલકાઓને સારા સ્પર્શ અને ખરાબ સ્પર્શ વચ્ચેનો તફાવત શીખવવામાં આવ્યો હતો. આ ઉપરાંત ડૉક્ટરની સલાહ વિના દવા ન લેવી જોઈએ તેવી સમજણ આપવામાં આવી હતી.

ગાંધીનગર પાસના એક સમયે પેથાપુર સ્ટેટ તરીકે જાણીતા રાજવી પરિવારના વંશજ ડૉ. રૂપકમલ ચાવડાએ આજે શહેરની ઝુંપડપટ્ટીમાં જઈ જરૂરિયાતમંદ પરિવારોના બાળકોને સ્કૂલ દફતર સહિત અભ્યાસ સામગ્રીનું વિતરણ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંકલન કડી સર્વ વિદ્યાલય કેમ્પસના ડૉ. સોમભાઈ પટેલ તથા હેતલ સોની દ્વારા કરવામાં આવ્યું હતું.

ડોમીસાઈલ સર્ટિફિકેટ ન મળતાં વાલીઓએ કલેક્ટરને રજુઆત કરી

જનસેવા કેન્દ્રમાં ૨૧મીની અરજીના રેકર્ડ ગુમ થયાની વાતો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં ડોમીસાઈલ સર્ટિ. મેળવવા માટે વાલીઓની દોડધામ વચ્ચે ૧૫ જેટલા વિદ્યાર્થીઓએ આ અંગે કરેલી અરજી અને તેના દસ્તાવેજો ગુમ થઈ જતાં વાલીઓએ આજે જિલ્લા કલેક્ટર સહિત સંબંધિત અધિકારીઓને લેખિતમાં અરજી આપી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ ડોમીસાઈલ પ્રમાણપત્ર વિના મેડીકલ કોલેજમાં પ્રવેશ મળી શકે તેમ નથી ત્યારે આ વિદ્યાર્થીઓનું ભાવિ જોખમાઈ જવા પામ્યુ છે.

આ વિદ્યાર્થીઓએ ૨૧-૬-૧૮ના રોજ જરૂરી દસ્તાવેજો સાથે તેમની અરજીઓ જનસેવા કેન્દ્રમાં રજુ કરી હતી અને તેની પહોંચ પણ તેમની પાસે છે. જનસેવા કેન્દ્રમાં આ અરજીઓ દસ્તાવેજ સાથે ગુમ થતાં હવે વિદ્યાર્થીઓ તે માટે ધક્કા ખાઈ રહ્યા છે અને તંત્રના જવાબદારો પ્રમાણપત્ર આપી શકીએ તેમ નથી તેવો પ્રત્યુત્તર પાઠવતાં આજે એક-બે વાલીઓએ જિલ્લા કલેક્ટરને આ મુદ્દે લેખિતમાં રજુઆત કરી બાળકોના ભવિષ્યને બચાવવા અરજ કરી છે.

ગાંધીનગરના સર્જન એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સેકટર-૧૨ની પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૭ના બાળકોને ફૂલસ્કેલ નોટબુક તથા પેન-પેન્સિલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ વિનોદ એસ. મેણાત તથા શાળા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચિલોડા પ્રાથમિક શાળા ખાતે વાલી સંમેલન યોજાયું

ચિલોડા, તા. ૨૮

તાલુકાના ચિલોડા મોટા પ્રાથમિક શાળા ખાતે નવા સત્રાંતના શુભારંભે વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના શૈક્ષણિક અને ભૌતિક સુવિધા અંગે વાલી સંમેલનમાં શાળામાં અભ્યાસ કરતાં બાળકોના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. વાલી સંમેલન બાદ નવા વર્ષે એસ.એમ.સી.ના સભ્યોની સમિતિની વરણી કરવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ તરીકે ઠાકોર તખતસિંહ બી., સભ્ય સચિવ તરીકે પટેલ હર્ષદભાઈ સી., મહિલા પ્રોમીન્ટ સભ્ય તરીકે ઠાકોર કાળીબેન ટી., શિક્ષણવિદ નટુભાઈ એસ. પટેલ, પી.આરઆઈ સભ્ય ઠાકોર નીલુબેન, વાલી સભ્યો તરીકે સોલંકી મીનાબેન એમ.. નાયક ગીતાબેન એમ. કલ્પેશભાઈ વી. ચૌહાણ, અરવિંદસિંહ ડી., મનસુરી સુહાનાબેન આર. નાયી ગૌરીબેન પી. રાણા પુજાબેન આર તથા કડિયા ઠાકોર પ્રહલાદજી બી. વગેરેની વરણી કરવામાં આવી હતી.

ફરસાણના ઉત્પાદકો માટે તળેલા તેલની ગુણવત્તા અંગે તાલિમ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૮

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ગુજરાત રાજયના ફરસાણના ઉત્પાદકો માટે ફ્રાયઈંગ ઓઈલની ટીપીસી વેલ્યુ માટે એક તાલિમનું આયોજન આજરોજ સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન એચ.ટી.પારેખ હોલ, અટીરા કેમ્પસ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન પોલીટેકનીક ચાર રસ્તા પાસે કરવામાં આવ્યું હતું. આ તાલિમનો લાભ લેવા ગુજરાત રાજય મીઠાઈ ફરસાણ ઉત્પાદક વેપારી મહામંડળના ફરસાણના ૨૫૦ થી વધુ વેપારીઓ હાજર રહ્યા હતા.

ભારત સરકાર દ્વારા તળવા માટેના તેલની ગુણવત્તા અંગે એક નોટીફેકેશન બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ તળવા માટેના તેલના ટોટલ પોલર કંમ્પાઉન્ડ ૨૫ ટકા થી વધારે હોવા જોઈએ નહી. આ નોટીફિકેશનનો અમલ ગુજરાત રાજયમાં યોગ્ય રીતે થઈ શકે તે હેતુંથી ગુજરાત રાજયમાં ફરસાણનો વેપાર-ઉદ્યોગ કરતા વેપારીઓ માટે એક જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન આજરોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૫૦ થી વધુ વેપારીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ડો.એચ.જી.કોશીયા દ્વારા આ કાયદાની વિસ્તૃત સમજણ આપી હતી. તેમજ આ તંત્ર દ્વારા ફુડ સેફટી એકટના અસરકારક અમલ બાબતે પણ વેપારીઓને સમજણ આપવામાં આવી હતી. તે ઉપરાંત ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓ તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ તેમજ ટેસ્ટો ઈન્ડીયા કંપની લીમીટેડના પ્રતિનિધી દ્વારા જરુરી પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું અને વેપારીઓને કાયદા વિશે યોગ્ય જાણકારી આપવામાં આવી હતી. તથા ૧ જુલાઈને રવિવારના રોજથી ગુજરાત રાજયના નાગરીકોને ૨૫ ટકા (ટીપીસી) ટોટલ પોલર કમ્પાઉન્ડથી ઓછી માત્રાવાળા તેલમાં તળેલો જ ખોરાક પીરસવામાં આવે અને તળેલા ખોરાકની ગુણવત્તા તથા જાહેર આરોગ્યની સુરક્ષા માટે તંત્ર કટીબધ્ધ છે તેમ જણાવ્યું હતું.

ચિલોડા જીવદયાપ્રેમીએ ઘાયલ મોરને બચાવ્યો

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા ગામે નવનિર્માણ અંતિમધામ ખાતે રાષ્ટ્રીય પક્ષી મોર અન્ય કારણોસર

ઈજાગ્રસ્ત થતાં ગામના બોર ઓપરેટરની નજર પડતાં તાત્કાલિક ગ્રામ પંચાયત કચેરી લાવી બચાવકાર્ય આરંભ્યુ હતુ.

આ અંગે મળતી વિગતો મુજબ ચિલોડા બંગડીવાળા વિસ્તારમાં આવેલ નવનિર્માણ થયેલ અંતિમધામમાં સવારે ૧૦ વાગ્યાના સમયે બોર ઓપરેટર અર્જુનજી ઠાકોર મુલાકાત ગયા હતા ત્યારે રાષ્ટ્રીય પક્ષી મોર ઘાયલ થયેલ નીચે જમીન પર પડી રહ્યો હતો. ત્યારે અર્જુનજી ઠાકોરે મોરને બચાવવા ગામના અગ્રણી નટુભાઈ પટેલને ફોન પર વિગતો જણાવી હતી. ત્યારે બંને ઘાયલ મોરને ગ્રામપંચાયત કચેરી લાવી તુરત જ વન વિભાગના લાગતાવળગતા અધિકારીને ઘાયલ મોર અંગે માહિતગાર કરતાં તુરત જ અધિકારી આવીને મોરને બચાવવા તથા સારવાર અર્થે લઈ જવાયો હતો. આમ જીવદયા પ્રેમીએ ઘાયલ મોરને બચાવવા યોગ્ય પ્રયત્નો કરતા ગૌરવની લાગણી અનુભવી હતી.

ગાંધીનગરના અગ્રણી સેવાભાવી નાગરિક તથા વેસ્ટર્ન એગ્રી કલ્ચરના એન.પી. પટેલ દ્વારા શહેરના સે. ૩૦ ખાતેના 'મુક્તિધામ'ના કર્મચારીઓના બાળકો ઉપરાંત આ વિસ્તારના ઝૂંપડાઓમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના બાળકોને ૨૦૦ ડઝન ફુલસ્કેપ ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા તેઓ છેલ્લા આશરે પંદર વર્ષથી કરી રહ્યાં છે. તેમજ દર માસે મુક્તિધામ ખાતેના પંખીઘર માટે પક્ષીચણ પણ પુરૂ પાડે છે તેવુ મુક્તિધામના કર્મચારી વિજય ચૌધરીએ જણાવ્યુ હતુ.

ચિલોડા ખાતે વડસાવિત્રી વ્રતની શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરાઈ

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના મુખ્ય ચોક ખાતે આવેલ મહાકાલી માતાજીના મંદિર સામે વડસાવિત્રીના વ્રત નિમિત્તે ગામની મહિલાઓએ પતિના લાંબા આયુષ્ય માટે વડસાવિત્રીનું વ્રત કર્યું હતું. આ પ્રસંગે મહિલાઓએ સોળે શણગાર સજી વડ દેવતાની પૂજા કરી કાચા સુતરના દોરા દ્વારા વડને ફરતે ૧૦૮ પ્રદક્ષિણા કરી વ્રતની ઉજવણી કરી હતી.

જગન્નાથ મંદિરેથી જળયાત્રા નીકળી

ભગવાન જગન્નાથના આશીર્વાદથી સારો વરસાદ મળશે : નીતિનભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૮

ભગવાન જગન્નાથજીની રથયાત્રા ૧૪મી જુલાઈના રોજ યોજાનાર છે. ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રા પ્રતિવર્ષ રથયાત્રાના દિવસે નગરયાત્રાએ નીકળે છે. આ રથયાત્રા પહેલા પૂનમના દિવસે જગન્નાથ મંદિરેથી જળયાત્રા નીકળે છે. આજે જળયાત્રા સાબરમતી નદીના તટે સોમનાથ ભૂદરના આરે પહોંચી ત્યાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં ગંગા પૂજન કરાયું હતું. હાથી, બળદગાળા, ભજન મંડળીઓ સહિત મોટી સંખ્યામાં ભક્તોની ઉપસ્થિતી સાથેની જળયાત્રાને મંદિરેથી ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ પ્રસ્થાન કરાવ્યું હતું.

આ જળાભિષેક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભગવાન જગન્નાથ દાયકાઓથી નગરચર્યાએ નીકળી ભક્તોને દર્શન આપે છે. જગન્નાથના આશીર્વાદથી આપણને સારો વરસાદ મળશે. તેના પગલે ખેતી સફળ થાય, ધન ધાન્યનું સારુ ઉત્પાદન થાય. લોકો માટે અને પશુધન માટે પીવાનું પાણી ઉપલબ્ધ થાય અને રાજ્ય-દેશનો વિકાસ થશે.

દહેગામ માર્ગ પરનું અધકચરૂ ગરનાળુ એટલે મોતનો કૂવો

ધણપ-મુઠીયા વચ્ચેની કાંસ ઉપર સાઈઠ ફૂટનું ગરનાળુ ને ફક્ત દસ ફૂટનો કાચો રસ્તો, તંત્રની આ ગંભીર બેદરકારી જીવલેણ બનશે

ગાંધીનગર, તા. ૨૮

ચિલોડાથી દહેગામ તરફ જવાના માર્ગ ઉપર ગરનાળા બનાવવા માટેનો સામાન હમણાં સુધી જેમની તેમ પડ્યો રહ્યો હતો. દસથી પ્રજાલક્ષી કાર્યોમાં તંત્રની બેદરકારી પ્રજાને જ પારાવાર મુશ્કેલીમાં મુકી રહી ગરનાળાનું કામ પૂર્ણ બનાવાની ઉતાવળમાં ગરનાળુ અધકચરૂ રહ્યુ છે. જેમાં પસાર થવાનો માર્ગ ફક્ત દસ ફૂટ જ રાખવામાં આવ્યો છે. જે કારણે આજુબાજુની ખુલ્લી

આજથી ત્રણેક વર્ષ પહેલા ધણપ-મુઠીયા વચ્ચેની કાંસ ઉપર ૬૦ ફૂટનું ગરનાળુ બનાવાયુ છે. ગરનાળુ બનાયા પછી ઉપરના ભાગનો માર્ગ ફક્ત ૧૦ ફૂટ જ રાખી દેવાયો છે. વધુમાં અધકચરા રાખવામાં આવેલા આ વધુ સોસાયટીના રહીશો માટે આવન-જાવનનો આ માર્ગ હાલમાં મોતના કૂવા સમાન બન્યો છે. ઉચ્ચ કક્ષા સુધીની રજુઆતો છતાં તંત્રની ગંભીર બેદરકારી કોઈ નિર્દોષ માટે જીવલેણ બનવાના સંજોગો ઉભા થયા છે. હોવાનું જીવંત ઉદાહરણ હાલમાં દહેગામ જવાના માર્ગ ઉપર દેશ્યમાન થઈ રહ્યુ છે. ધણપથી મુઠીયા જતી કાંસ ઉપર આજથી ત્રણ વર્ષ અગાઉ ગરનાળુ બનાવવા કામગીરી કરાઈ હતી. ફક્ત આરસીસી ભરી દઈ બિલ્ડીંગમટીરીયલ્સ સામાન જેમ કે ફર્મા, ટેકા અને લોખંડની એંગલ પણ તેજ સ્થિતિમાં રહ્યા હતા. વધુમાં રેલીંગની જગ્યાએ સળીયા જ રહેવા દેવાયા છે. આ ગરનાળાની પહોળાઈ ૬૦ ફૂટ જેટલી છે જ્યારે ઉપરથી જગ્યા રહે છે જે અજાણ્યા વાહનચાલકો અને વટેમાર્ગુ માટે મોતના કૂવા સમાન બની છે. રાત્રીએ ઘોર અંધારામાં આ ગરનાળા ઉપરથી પસાર થવાય તેવી સ્થિતિ પણ નથી. ફક્ત માટી પૂરણ કરી આજુબાજુ જગ્યા રાખી દેવાઈ છે.